હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મને તારી સાથે લગ્ન કરવામાં એક જ અડચણ છે કે... લગ્નનાં દિવસે મારું એફબી એકાઉન્ટ કોણ ચલાવશે ???

ગુરૂને ચરણોમાં પડવા સિવાય આપણે કંઈ જ ન આપી શકીએ : પૂજ્ય ગુરૂમા

સમદર્શન આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી : ઠેર-ઠેરથી ભાવિકો ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૧૬

સમદર્શન આશ્રમ ગાંધીનગર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂમા દ્વારા ભગવાન દક્ષિણામૂર્તિ, વેદવ્યાસજી શંકરાચાર્યજી તથા ગુરૂ પરંપરા પૂજન કરવામાં આવ્યું હતું.

સમદર્શન આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાના ભાગરૂપે કાર્યક્રમ યોજાયો હતો જેમાં સવારથી ગુરૂમા દ્વારા વિધિવત ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું અને સાધકો દ્વારા પણ પૂજ્ય ગુરૂમાનુ પણ વિધિસર પૂજન કરાયું હતું. સાધકો દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂમાનો આભાર માનતા મંતવ્યો વ્યક્ત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગાંધીનગરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજા આરાધના દરમ્યાન ગાંધીનગર જનનુ હિત થાય તે અંગે ભાર મુકી મંત્રોચ્ચાર કરાયો હતો.

પૂજ્ય ગુરૂમાએ તેમના મંતવ્યમાં જણાવ્યું હતું કે જે જીવ અજ્ઞાત નિંદ્રામાં સુતેલો હતો તે જ્યારે જાગે ને ત્યારે વિદ્યા પ્રાપ્ત કરી શકે. આત્મા એ ચૈતન્ય છે. જેનો જન્મ અને મૃત્યુ થતુ જ નથી. શાસ્ત્ર આપણને વિવેક કરવાનુ કહે છે. જેમ ભૂખ લાગે તેમ ખવાય એવી જ રીતે જ્ઞાનની ભૂગ લાગે ત્યારે વ્યક્તિને જીજ્ઞાસા જાગે છે અને તે ગુરૂની શોધ કરે છે. ગુરૂજનો જીવન ઘડતર કરે છે. ગુરૂ જીનવ વિધાતા અને જીવતનું નિર્માણ કરનાર છે. જો જ્ઞાન યોગ્ય રીતે સમજવામાં આવે તો તે જીવન પરિવર્તન કર્યા વગર રહેતુ નથી. આપણને જ્ઞાન વેદવ્યાસ પાસેથી મળ્યું છે. જ્ઞાન મેળવવું એ માનવજીવનનું જીવન તત્વ છે. ગુરૂપૂર્ણિમાનો દિવસ કૃતજ્ઞતા માટેનો છે. આપણને જે જ્ઞાન મળ્યુ તેની પાછળ જે છે તેમનો આભાર વ્યક્ત કરવાનો છે. ગુરૂને ચરણોમાં પડ્યા સિવાય આપણે બીજુ કંઈ ન આપી શકીએ.

સેક્ટર-૩/ન્યુ યોગ શિબિર ખાતે યોગગુરૂનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સેક્ટર-૩-ન્યુના બગીચામાં ચાલતા યોગ શિબિરમાં ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વ નિમિત્તે યોગાર્થીઓ દ્વારા યોગગુરૂ રમેશ પંડ્યાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૩-ન્યુ

વસાહત મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યો દ્વારા ગુરૂદક્ષિણા પેટે યથાશક્તિ પુરસ્કાર પણ અર્પણ કરવામાં આવ્યો હતો.

દરરોજની જેમ નિયમિત રીતે સે. ૩-ન્યુ યોગ પરિવારના યોગશિબિરમાં યોગગુરૂ રમેશ પંડ્યાએ યોગાસન કરાવ્યાં તથા ઘરગથ્થું ઉપચારો અંગે પ્રાથમિક માહિતી આપી હતી. ત્યારબાદ યોગાર્થીઓએ ગુરૂવંદના કરી હતી અને વસાહતમંડળ તરફથી ગુરૂનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. એચ.ટી. પરમાર, શરદ પટેલ, નીતિન વાઘેલા, પી. નાયર, ભાનુપ્રસાદ શુકલ, કાંતિભાઈ શ્રીમાળી, ગીતાબેન પટેલ, પુષ્પાબેન અમીન, કોકીલાબેન ભટ્ટ, ઉર્મિલાબેન શુકલ વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા. યોગ પરિવાર દ્વારા સે. ૩-ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા સહિત કમિટીના સભ્યોનો યોગગુરૂના સન્માન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

શુક્રવારે ટાઉનહોલમાં થ્રીલર નાટક "વરૂ જોડે એક રાત" ભજવાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તા. ૧૯મી જુલાઈ શુક્રવારે રાત્રે ૯ કલાકે શહેરના સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે આબિદ સુરતી લિખિત અને હસમુખ મેકવાન દિગ્દર્શિત નાટક 'વરૂ જોડે એક રાત'ના શૉ નું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજાનારા આ નાટકમાં કલાકારો ઉર્મિલા સોલંકી, ઉરેન અલમોલા, સંજય ક્રિશ્ચિયન, અર્પિત પરમાર, શેનોન કેન્ઝી તથા કિન્નરી દવે અભિનયના અજવાળા પાથરી રહ્યાં છે. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંગીત નટાક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. મહિલા શક્તિ તથા માનવ હૃદયપરિવર્તનનો સંદેશ આપતુ હાડ ધ્રુજાવતા થ્રીલર નાટકને માણવા શહેરના નાટ્યપ્રેમી દર્શકોને ગાંધીનગર સાહિત્યસભા દ્વારા જાહેર આમંત્રણ અપાયું છે.

પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપવાના કેસમાં પતિને બે વર્ષની સખત કેદ

પતિના શારિરીક માનસિક ત્રાસના લીધે પરિણીતાએ આત્મહત્યા કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૨૮ પ્રેસ છાપરામાં રહેતા અફરોઝબાનુ તેમની સાસરીમાં પતિ અને સંતાનો સાથે રહેતા હતા. તેમનો પતિ અબદુલ કાદિર અબ્દુલસા દિવાન કોઈ કામ ધંધો કરતો ન હતો જયોર દારુ પીને અવારનવાર તેની પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપતો હતો. જેથી કંટાળીને પરિણીતા તા ૨૫ એપ્રિલ વર્ષ ૨૦૧૮ ના રોજ પોતાના શરીર પર કેરોસીન છાંટીને સળગી ગઈ હતી. આ બનાવ સંદર્ભે સે -૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે જીગ્નેશ એચ જોષીએ દલીલો કરી હતી. આ કેસમાં ૧૪ સાહેદોને તપાસવામાં આવ્યા હતા. કોર્ટ સમક્ષ તેમણે જણાંવ્યુ હતુ કે મરણ જનાર અફરોઝબાનુને તેના પતિના શારિરીક માનસિક ત્રાસના લીધે આત્મહત્યા કરવાની ફરજ પડી છે. તેવા સંજોગોમાં કાયદાની જોગવાઈ મુજબ આરોપીને વધુમાં વધુ સજા તેમજ દંડ કરવો જોઈએ. સમાજમાં બનતા સ્ત્રી અત્યાચારના બનાવો પર તેની અસર પડે તે મુજબ કોર્ટે સજા કરવી જોઈએ. આ દલીલો તેમજ તપાસ કરનાર અમલદાર તેમજ મેડીકલ ઓફિસરની જુબાની અને પુરાવાઓને ધ્યાને લઈ પ્રિન્સિપાલ ડીસ્ટ્રી જજ આઈ જે વોરાએ આરોપીને ૪૯૮ (ક)ના ગુનામાં તકસીરવાન ઠરાવી બે વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. જયારે આરોપી દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સાદી કેદની સજા ભોગવવા પણ આદેશ કર્યો છે.

એક, બે કે પાંચ નહી પરંતુ સે-૪માં કુલ ૧૦૬ સ્ટ્રીટલાઈટો બંધ

વારંવાર સ્ટ્રીટલાઈટની ફરિયાદો આવતા સ્થાનિક કોર્પોરેટરે કરાવેલા સર્વેમાં ચોંકાવનારી સ્થિતિ જોવા મળી ભેજયુક્ત વાતાવરણમાં વિજપોલના ખુલ્લા ઢાંકણ બાળકો-પશુધન માટે ઘાતક બની શકે છે

ગાંધીનગર, તા. ૧૬

એક તરફ પાટનગરને સ્માર્ટ સિટી બનાવવા કરોડોના

ખર્ચા સાથે સઘન પ્રયાસો હાથ ધરાયાં છે ત્યારે બીજી તરફ શહેરના છેવાડાના સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટ જેવી પાયાની સુવિધામાં ઘણા ધાંધિયા જોવા મળી રહ્યાં છે. શહેરના સેક્ટર-૪માં એક, બે કે પાંચ નહી પરંતુ કુલ ૧૦૬ સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે જેમાં સે. ૪-સીમાં તો કેબલ ફોલ્ટના કારણે અડધો અડધ સ્ટ્રીટલાઈટો બંધ હોવાની સ્થિતિ જોવા મળી રહી છે.

વીજળી-પાણી, રોડ-રસ્તા જેવી પાયાની સુવિધાઓ તો સ્માર્ટ સિટી હોય કે ગ્રામ્ય વિસ્તાર દરેક જગ્યાએ દુરસ્ત હોવી જરૂરી છે. ગાંધીનગરના સેક્ટર-૪માં સ્થાનિક કોર્પોરેટરને અલગ અલગ વિસ્તારમાંથી સ્ટ્રીટલાઈટ બંધ હોવાની વારંવાર ફરિયાદો મળતા કોર્પોરેટરે પોતાના કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર સેક્ટરનો સર્વે કરાવડાવ્યો તો સ્ટ્રીટલાઈટની સ્થિતિ જોઈ ચોંકી ઉઠ્યા હતા. આખા સેક્ટરમાં કુલ ૧૦૬ સ્ટ્રીટલાઈટ્સ કોઈને કોઈ કારણસર બંધ હાલતમાં જોવા મળી હતી જેમાં કેટલિક સ્ટ્રીટલાઈટના બલ્બ 'કેજ' સાથે હવામાં લટકતાં જોવા મળ્યાં હતા તો કેટલાક વિજપોલના ઢાંકણ જોખમી રીતે ખુલ્લી સ્થિતિમાં જોવા મળ્યાં હતા. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે ભેજયુક્ત વાતાવરણમાં સ્ટ્રીટલાઈટના ખુલ્લા ઢાંકણ વિજપોલની નજીક રમતા બાળકો કે ફરતા પશુધન માટે જીવલેણ સાબિત થઈ શકે છે. વળી સેક્ટર-૪-સીમાં તો કેબલ ફોલ્ટના કારણે અડધાથી વધુ સ્ટ્રીટલાઈટ્સ બંધ છે જેનો લાભ લઈ તસ્કરો હાથફેરો કરી જાય તેવી શક્યતા પણ સર્જાવા પામી છે. સ્થાનિક કોર્પોરેટર

પાયલબેન મેણાત દ્વારા આ સ્થિતિને ગંભીરતાથી લઈને ઈન્ફોસિટી લાઈટ વિભાગને લિસ્ટ આપી સત્વરે સ્ટ્રીટલાઈટ્સ રીપેર કરવા માંગ કરવામાં આવી છે.

જાહેરનામું

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૧/૭/૨૦૧૯

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : ગાંધીનગર

ક્રમાંક : અમ-૨૦૧૯-૪૦૭-મ-જગધ-૧૦૨૦૧૭-૩૦૧-ચ

ગુજરાત સરકાર દ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન, પુનર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના હેઠળ ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને જમીન સંપાદનમાં સંબંધમાં કાર્યો સુપ્રત કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાત સરકારને લાગે છે કે, નીચે આપેલ અનુસુચિમાં ઉલ્લેખિત જમીનની જરૂરીયાત 'ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૮૧૨૬ થી ૯૬૩૦ મી. વચ્ચે' જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

અને જ્યારે ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના જાહેરનામા નં. અમ/૨૦૧૮/૫૭૬/મ/જગધ/૧૦૨૦૧૭/૩૦૧/ચ તા. ૨૪/૭/૨૦૧૮ના રોજ કાયદા અનુસાર પ્રકાશિત કર્યા હતા. તે જાણ કરવામાં આવી હતી કે શિડ્યુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરીયાત જાહેર હેતુ માટે અને ગુજરાત સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરના રીપોર્ટથી સંતુષ્ટ છે જે જણાવે છે કે અનુસુચિ મુજબ કહેવાતી જમીનોને સંપાદિત કરવાની જરૂર છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૯ની જોગવાઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ મહુડી-૧ તાલુકા માણસા, જી. ગાંધીનગરની કુલ ૩-૪૬-૭૨ હે.આરે.ચો.મી.ની જરૂર છે.

કોઈપણ કુટુંબ જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહ્યું અને તેથી કોઈપણ પુનઃસ્થાપન વિસ્તારની જરૂર નથી.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના કલમ-૩(જી) હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્ટની પ્રક્રિયાઓ માટે કલેક્ટરના બધાં કાર્યો કરવા માટે નિયુક્તિ કરવામાં આવે છે.

જમીનના નકશાનું નિરીક્ષણ કોઈપણ કામના દિવસે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરની ઓફીસમાં કરી શકાશે.

અનુસુચિ

જિલ્લો : ગાંધીનગર તા. : માણસા ગામ : મહુડી-૧

અ.નં.	જુના સર્વે નંબર	નવો સર્વે નંબર	સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ
૧	૮૬૧	૧૫૮૦	૦-૨૫-૬૦
૨	૮૬૧	૧૫૮૨	૦-૧૮-૬૧
૩	૭૪૪	૧૫૬૮	૦-૧૮-૮૬
૪	૭૪૫	૧૨૯૬/૧૫૭૧	૦-૦૫-૧૬
૫	૭૪૨	૧૪૮૧	૦-૦૩-૦૫
૬	૭૪૭	૧૪૮૦/૧૨૯૭	૦-૧૬-૩૮
૭	૭૨૫	૧૪૭૯/૧૨૯૮	૦-૨૭-૩૫
૮	૭૨૭	૧૪૬૮	૦-૦૨-૦૪
૯	૭૨૬/૧	૧૩૦૧	૦-૧૨-૦૬
૧૦	૭૨૬/૨	૧૪૬૭/૧૨૯૯	૦-૦૯-૬૮
૧૧	૬૯૦/૧	૧૪૬૬/૧૩૦૬	૦-૦૮-૪૧
૧૨	૬૯૦/૨	૧૩૦૭/૧૪૬૫	૦-૦૭-૬૨
૧૩	૬૯૦/૫	૧૪૬૪/૧૩૦૮	૦-૦૪-૪૪
૧૪	૬૮૯/૧-૬૮૯/૨	૧૪૫૮/૧૩૦૯	૦-૦૮-૦૦
૧૫	૬૯૧/૨	૧૩૦૫	૦-૦૩-૨૩
૧૬	૬૮૮	૧૪૫૭	૦-૦૬-૧૧
૧૭	૬૮૭પૈકી	૧૪૫૬	૦-૦૦-૮૩
૧૮	૬૯૩	૧૩૧૦/૧૩૧૧	૦-૪૧-૯૪
૧૯	૬૫૦	૧૩૧૨	૦-૧૧-૧૮
૨૦	૬૦૪/૨	૧૨૩૮	૦-૦૬-૬૨
૨૧	૬૦૪/૫	૧૨૩૯	૦-૦૩-૩૪
૨૨	૬૦૪/૭	૧૨૪૦	૦-૦૪-૨૮
૨૩	૬૦૪/૯	૯૮૪	૦-૧૧-૪૨
૨૪	૬૦૫/૩	૯૮૩	૦-૦૭-૩૨
૨૫	૬૪૯	૧૩૧૩	૦-૧૯-૪૮
૨૬	૬૦૭	૯૮૧/૯૮૨	૦-૦૪-૩૨
૨૭	૬૦૮	૧૩૧૪	૦-૧૭-૬૬
૨૮	૬૦૯/૨	૯૬૮	૦-૦૩-૫૭
૨૯	૬૧૨પૈકી	૯૬૭	૦-૦૦-૩૬
૩૦	૬૧૨/પૈકી	૯૬૬	૦-૦૭-૪૨
૩૧	૬૧૩પૈકી	૧૩૧૫	૦-૧૭-૭૪
૩૨	૬૧૩પૈકી	૧૩૧૬	૦-૧૨-૫૪

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૧૪૨/૧૯

ઈન્દ્રોડામાં ઉભરાતી ગટરથી ગ્રામજનોમાં રોગચાળોનો ખતરો

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર શહેરમાં સમાવેશ પામેલા ઈન્દ્રોડા ગામમાં પાયાની સુવિધાનો અભાવ છે. પાણીની સમસ્યાનો નિકાલ આવતો નથી, ત્યારે બીજી બાજુ ચોમાસાની સિઝનમાં ઉભરાતી ગટરને પગલે ગ્રામજનોના આરોગ્ય સામે રોગચાળાનો ખતરો ઝંળુબી રહ્યો છે. ગ્રામજનો દ્વારા બે વાર ડ્રેનેજ ઈન્કવાયરીમાં લેખિત ફરીયાદ કર્યા છતા આજદિન સુધી કોઈ નિવેડો આવ્યો નથી. જેથી ગામમાં ગટરના ગંદા પાણી ફરી વળતા માર્ગો પર ગંદકીનું સામ્રાજય છવાયેલુ જોવા મળે છે.

પાટનગરને અડીને આવેલું ગામ ઈન્દ્રોડા વર્ષોથી પાયાની સુવિધાથી વંચિત રહેવા પામ્યું છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા ગ્રામજનોની માંગણી પુરી થઈ શકી નથી. ગામના નાગરીકોને પીવાની પાણીની અને ડ્રેનેજ સમસ્યા વર્ષોથી હેરાન કરે છે. ઈન્દ્રોડા ગામના

બ્રાહ્મણ વાસમાં છેલ્લા એક માસથી વધુના સમયથી ગટર ઉભરાઈ રહી છે. ગટરના ગંદા પાણી ગામની શેરીઓમાં ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાયેલા જોવા મળે છે.

ગટરના પાણીની દુર્ગંધથી આસપાસના રહીશો ત્રાહીમામ પોંકારી ગયા છે. આ માર્ગ પરથી પસાર થતા સમયે મોં પર રૂમાલ રાખવાની જરુર પડે છે. જયારે ગંદકીને પગલે મચ્છરોના ત્રાસ વધી જતા નાગરીકો બિમાર પડી રહ્યા છે. ગ્રામજનોએ બે વાર લેખિત રજુઆત કરી હોવા છતા હજુ સુધી ડ્રેનેજ તંત્રના કર્મચારીઓ ડોકાયા નથી. ત્યારે ગામમાં ગંદકીને પગલે રોગચાળો ફેલાય તેવી દહેશત ઉભી થવા પામી છે. ત્યારે ઉભરાતી ગટરના ગંદા પાણી ઝડપી બંધ થાય તેવી ઈન્દ્રોડાના ગ્રામજનોની લાગણી અને માંગણી છે.

એપોલો સર્કલ પાસે શૌચક્રિયા કરવા ગયેલા આધેડના એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદ મેમ્કો ખાતે લોખંડનું કારખાનું ધરાવતા અને નિકોલ માધવપાર્ક ખાતે રહેતા કિશોરભાઈ અમરતભાઈ ડોડીયા (ઉં.વ.૪૫) ગત તા.૧૪ જુલાઈના રોજ અગોરા મોલ ખાતે વિવિધ ચીજવસ્તુની ખરીદી માટે આવ્યા હતા. સાંજના સુમારે તેઓ ઘરે પરત ફરતા સમયે એપોલો સર્કલ પાસે તેઓ સર્વિસ માર્ગ પર એકટીવા મુકીને ઝાડીઓમાં શૌચક્રિયા માટે ગયા હતા. ગણતરીની મિનિટોમાં પરત ફરેલા વેપારીએ જોયું તો એકટીવા ગાયબ હતું.તેઓ ચાવી અંદર ભુલી ગયા હોવાથી કોઈ ચોર શખ્સ એકટીવા લઈને પલાયન થઈ ગયો હતો.એકટીવાની ડેકીમાં રૂ.૧૨ હજાર કિંમતની બે વીંટી, અને રૂ.૨૦ હજારની કિંમતની સોનાની રૂદ્રાક્ષની માળા પણ હતી.

સેક્ટર-૨માંથી સરકારી ટાટા સુમો ગાડી ચોરાઈ

રાજયના પાટનગરમાં વાહનચોરીના બનાવો સામાન્ય બની જવા પામ્યા છે. બાઈક અને ગાડી તો ઠીક હવે સરકારી વાહનોને પણ નિશાન બનાવતા ચોર ઈસમો સહેજ પણ અચકાતા નથી. ઘર પાસે ઉભી રહેલી સરકારી ગાડીઓને ચોર ઈસમો ટાર્ગેટ બનાવે છે. શહેરમાંથી સરકારી વાહનચોરીના બે ત્રણ બનાવો બનવા પામ્યા છે તેમા વધુ એક ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતેથી સરકારી ગાડી ચોરાઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદ અસારવા ખાતે આવેલી સિંચાઈ માટી બાંધકામ વિભાગ કચેરીમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા ધીમંતકુમાર અનંતરાય ત્રિવેદી (ઉં.વ.૫૭)ને સરકારી વાહન ટાટા સુમો ગોલેડ ગાડી ફાળવાઈ છે. ગત તા.૧૩ જુલાઈના રોજ તેમના ઘર પ્લોટ નં.૪૧૨-૨ સેકટર-૨ બી ખાતે રાત્રે સાડા આઠ વાગે ડ્રાઈવરે ગાડી પાર્ક કરીને ગયો હતો. ત્યારે બીજા દિવસે સવારે ધીમંતકુમાર આઠ વાગે ઉઠીને જોયું તો ઘર પાસે પાર્ક કરેલી સરકારી ટાટા સુમો ગાડી નં. જી.જે.૧૮.જી.-૯૧૨૫ નંબરની ગાડી ગાયબ હતી. એક બે દિવસ તપાસ કર્યા બાદ આખરે તેઓએ સેકટર-૭ પોલીસ મથકમાં ટાટા સુમો ગાડી ચોરી થવાની ફરીયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાષ્ટ્રીય અને રાજય કક્ષાના દિવ્યાંગ પારિતોષિક માટે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાંથી વર્ષ-૨૦૧૯ના (૧) શારિરીક ક્ષતિ ધરાવતા શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ અને સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યકતિઓ (૨) દિવ્યાંગોને નોકરી આપનાર, શ્રેષ્ઠ નોકરીદાતાઓ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓને થાળે પાડવાની (પુનઃસ્થાપન) કામગીરી કરતા શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફિસર્સ પાસેથી રાષ્ટ્રીય અને રાજય કક્ષાના દિવ્યાંગ પારિતોષિક મેળવવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

ગુરૂપૂર્ણિમા એટલે ગુરૂમાં પૂર્ણતાની પ્રતિતિ : પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.

આજે ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વે સેક્ટર-૨૨માં જૈન દેરાસર ખાતે જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.એ જણાવ્યું હતું કે "ઈશ્વર ગુરૂ પરંપરા દ્વારા આપણા સુધી પહોંચે છે, સદગુરૂમાં પૂર્ણતા જોવાની છે, એટલે તો ગુરૂની બીજ, પાંચમ કે એકાદશી નથી પરંતુ પૂર્ણિમા છે - ગુરૂપૂર્ણિમા એટલે ગુરૂમાં પૂર્ણતાની પ્રતિતિ." પૂ. ઉદયવલ્લભસુરિજીએ વધુમાં કહ્યું હતું કે "સંસ્કાર અનેકવાર મોટા પ્રોજેક્ટ્સમાં લોકભાગીદારીનો સંકેત આપે છે. સમાજમાં મૂલ્યોની જાળવણી કરવા જેવો અગત્યનો કદાચ બીજો કોઈ પ્રોજેક્ટ નહી લાગે અને જો આ મેગા પ્રોજેક્ટ્સ જેમાં સંતોના વિચારો-ઉદ્ગારોને સ્થાન અપાશે તો તે ખરા અર્થમાં લોકભાગીદારી ગણાશે. સંતો અને સંતવાણીને ઉતારી પાડવાની ફેશન ફેલાઈ રહી છે તેવા યુગમાં આપણે સદ્ગુરૂના સમર્પણની પાત્રતા કેળવીએ."